# ગાંધીનગરના 'એક્લ અપડાઉનર્સ'

## ટ્રાફિકનો પ્રશ્ન મેટ્રોરેલ કે બ્રીજ કે પહોળા રસ્તાથી જ નહીં નાગરિક જાગરુકતાથી આવશે

ગણતરીમાં ગાંધીનગર
પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની

ગુજરાતના સૌથી મોટા મહાનગર અમદાવાદમાં ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાના કારણે ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ પોલીસને સુચના આપવી પડી હતી. એ સમયે શહેરના પોલીસ કમિશનરશ્રીએ અમદાવદ શહેરની વસ્તીની જરૂરિયાતના પ્રમાણમાં વધુ વાહનો હોવાના કારણે મુશ્કેલ સ્થિતિ સર્જાતી હોવાની હકીકત બયાન કરી હતી. અમદાવાદની સાથે આપણે ગાંધીનગરને પણ આ જ મુદ્દે સમજવું પડશે કારણકે ગાંધીનગરની જે કેટલીક સમસ્યાઓ છે તેમાં ટ્રાફિક્ની સમસ્યા દિવસે ને દિવસે વધુ ને વધુ વકરતી જાય છે. ગાંધીનગરના કોઈપણ સર્કલ ઓફિસ સમય દરમિયાન સવારે અને સાંજે ત્રાફિક જંક્શનમાં ફેરવાય જાય છે.

ગાંધીનગર શહેર તો પરિવાર દીઠ ફોર વ્હિલર્સ સહિતના વાહનોની સંખ્યા કરતા અમદાવાદ કરતાં પણ આગળ છે, અને બીજી એક વાત એ પણ છે કે ગાંધીનગરના જેટલાં ફોર વ્હિલર્સ છે એ પૈકીના મોટાભાગના રોજિંદા વપરાશમાં લેવાય છે એ પણ ટ્રાફિકની સમસ્યા સાથે જ જોડાયેલુ છે. ઉપરાંત આજે પણ ઓફિસ સમય શરૂ થાય અને પૂર્ણ થાય એ ગાળામાં ટ્રાફિકની બહુ જ મોટી સમસ્યા થાય છે. ગાંધીનગરના પ્રવેશદ્વાર સમા અને સૌથી વધુ જે માર્ગ ઉપર વાહન વ્યવહાર હોય છે એવા સરખેજ-ગાંધીનગર હાઈવે ઉપર માત્ર ઓવરબ્રિજ બનાવવાથી ટ્રાફિક નિયમન જાળવી શકાય નહીં અને કેટલાક રસ્તાઓને ગાંધીનગર બાયપાસ આપવાથી પણ સમસ્યા હળવી નહીં થાય. છેલ્લા થોડા સમયમાં એવું પણ જોવા મળ્યું છે કે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની શહેરી બસ સર્વિસમાં પહેલાની સરખામણીએ મુસાફરોની સંખ્યા ઘટી છે. કર્મચારીઓને અમદાવાદથી આવવા અને જવા માટે જે સુવિધા 'સચિવાલય પોઈન્ટ સર્વિસ'ના નામે જાણીતી છે એમાં પણ મુસાફરોની સંખ્યા ઘટતી જાય છે. એના કારણોમાં કદાચ એવું હોય કે સરકારી બસમાં ઘરે પહોંચવામાં વધુ સમય જાય એટલે કર્મચારીઓ શેરિંગ સાથે પોતાના વાહનોમાં આવતા હોય છે. થોડા વર્ષોમાં એક એવી સ્થિતિ પણ છે કે અમદાવાદ ગાંધીનગર વચ્ચે પોતાના અંગત વાહનમાં જ અપડાઉન કરતા સિંગલ અપડાઉનર્સની સંખ્યામાં વધારો થયો છે. એકલ આવન-જાવન એ સ્ટેટ્સ સિમ્બોલ બન્યું છે. પરંતુ બીજી બાજુ જોઈએ તો ઘણો એવો મોટો વર્ગ છે કે જેમને માટે બસ સુવિધા ઉપકારક હોય છે. પરંતુ ગાંધીનગરના સ્થાપનાકાળથી જ બસ સર્વિસની બાબતમાં કચેરીના સમયે અમદાવાદથી ગાંધીનગર આવવામાં પાછા જવામાં ૧૦૦ જેટલી સચિવાલય પોઈંટ સર્વિસ બસ ટ્રીપની સુવિધા આપવામાં આવી છે પરંતુ ગાંધીનગરમાં રહેતા અને અમદાવાદમાં સરકારી સેવાના કે ખાનગી સંસ્થાના વ્યવસાયી, અભ્યાસ અર્થે જતા વિદ્યાર્થીઓ હોય તેમના માટે પૂરતા પ્રમાણમાં બસ સેવાનું માળખું નથી. સુવિધા સભર બસ સેવાનું માળખું તો નથી જ પરંતુ એની સાથે એસ.ટી દ્વારા આજ સુધીમાં તેમના જે પહેલેથી રૂટ હતા એમાં પણ ઝાઝો અને જરૂરી ફેરફાર કર્યો નથી. આજે પણ અમદાવાદથી ગાંધીનગર આવતી કોઈ પણ બસ ચ ઝીરો સર્કલથી ચ રોડ ઉપર જ પથિક આશ્રમ ડેપો આવે છે.

● અનુસંધાન પાન-૭ પર



શહેરમાં વરસાદના લીધે હરિયાળી નિખરી છે. નગરના મુખ્યમાર્ગો સહીત સેકટરોમાં માર્ગોની આજુબાજુ પણ હરિયાળુ ઘાસ ઉગી નિકળ્યુ છે. ત્યારે વર્ષ દરમિયાન ખાલીખમ રહેતુ સે -૧ નુ તળાવ પણ વરસાદના લીધે ઉભરાયુ છે. સે-૧ નુ તળાવ ભરાતા સહેલાણીઓમાં પણ આકર્ષણ છવાયુ છે. સેકટરના આ તળાવ વિકાસની યોજના સાકાર થઈ નથી. તળાવના તળિયાની તરસ ન છીપાતા વર્ષ દરમિયાન હરિયાળા બગીચા વચ્ચે નિર્માણ કરાયેલા આ તળાવમાં સુકારો જોવા મળે છે. જયારે વરસાદે મોસમનો મિજાજ બદલી નાંખ્યો છે. ત્યારે તળાવની રોનક પણ નિખરી છે.

# શહેરમાં મોસમનો ૫૦ ટકા વરસાદ થયો

## છેલ્લા ૨૪ કલાકમાં વધુ અડધો ઇંચ : આજે દિનભર વાદળિયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસ્યો : વરસાદી વાદળો વચ્ચે મહત્તમ તાપમાન ૪ ડીગ્રી ઉંચકાયુ

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર શહેરમાં આજે અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. દિનભર વાદળિયા વાતાવરણ વચ્ચે મહત્તમ તાપમાન પણ ૪ ડીગ્રી વધ્યુ હતુ .જો કે વાદળિયા વાતાવરણ વચ્ચે નગરમાં ઠંડક યથાવત રહી હતી. શહેરમાં સિઝનનો ૩૭૭ મી મી વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી સિઝનનો ૫૦ ટકા વરસાદ થઈ ગયો છે. સેકટરોમાં વરસાદી માહોલ વચ્ચે વરસાદી સમસ્યાઓ પણ ઉદભવી છે.

ગાંધીનગર જિલ્લામાં શ્રીકાર વર્ષાથી જનજીવન પ્રભાવિત થયુ છે. જયારે શનિવારે શહેરમાં પણ મેઘરાજા મનમુકીને વરસતા સેકટરોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. સતત વરસાદી માહોલના લીધે નગરમાં વાદળિયા વાતારવણ વચ્ચે ઠંડક પ્રસરી છે. મેઘમહેરના અંતે હરિયાળી પણ નિખરી છે. નગરમાં હરિયાળી અને રસ્તાઓનો સમન્વય પણ મુલાકાતીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યો છે. સેકટરોમાં વરસાદી ઋતુ નિખરવાની સાથે સમસ્યાઓ પણ ઉભી થઈ છે. ગત સપ્તાહ દરમિયાન વરસાદ ક્યારે મનમુકીને વરસશે તેવી આશ વચ્ચે નગરજનો બેચેન જોવા મળતા હતા. જયારે છેલ્લા બે દિવસમાં શહેર સહીત જિલ્લામાં સાર્વત્રિક વરસાદના લીધે ચોમેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. જયારે ભારે વરસાદના અંતે આજે પણ ઝરમર વરસાદ વરસતો રહ્યો હતો. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ યથાવત રહ્યુ હતુ. વાદળિયા વાતાવરણ વચ્ચે સુરજદાદા પણ વાદળો વચ્ચે લુપાછુપી રમતા જોવા મળ્યા હતા. બપોરના સમયે બે ઘડી તડકો નિકળ્યો હતો. પરંતુ આકાશમાં વરસાદી વાદળોની અવરજવરના લીધે ફરી કાળા ડીંબાગ વાદળો ગોરંભાયા હતા. પરંતુ દિવસ દરમિયાન વાદળિયો માહોલ યથાવત રહ્યો હતો. જયારે વરસાદ ધોધમાર વરસ્યો ન હતો. શહેરમાં સિઝનનો ૫૦ ટકા જેટલો વરસાદ થઈ ગયો છે. જેના લીધે માર્ગોની આસપાસ તેમજ સેકટરોમાં હરિયાળી પણ નિખરી છે. જેના લીધે શહેરની સુંદરતામાં વધારો થયો છે. નિખરતી હરિયાળી વચ્ચે વાદળિયા વાતાવરણના લીધે શહેરમાં ખુશ્નુમા વાતાવરણનો નઝારો નિખર્યો છે. બીજીતરફ ભારે વરસાદના લીધે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ ઉદભવી છે. સેકટરોમાં ઠેર ઠેર માટી પોલાણ થવાના લીધે મોટા ગાબડા

● અનુસંધાન પાન-૭ પર

# વરસાદ પછીના વરાપમાં ખરીફ વાવેતર વેગીલુ બન્યુ

## જિલ્લામાં ખરીફ ઋતુનું વાવેતર ૫૮ ટકાને પાર કરી ગયુ : દિવેલા, શાકભાજી તેમજ કઠોળ પાકનું વાવેતર વધ્યુ, જિલ્લામાં ચોમાસુ બાજરીનું વિક્રમી વાવેતર થયુ

ગાંધીનગર, તા. ૧૧

વરસાદે વિરામ લેતાં જ ખેડૂતો દ્વારા ખરીફ વાવણી સિઝનને વેગીલી બનાવી દીધી છે. જિલ્લામં ખરીફ ઋતુમાં વાવણી ૫૮.૮૬ ટકાએ પહોંચી છે. અર્થાત ૮૯,૦૦૩ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર સંપન્ન થઈ ગયુ છે.

જિલ્લામાં ૧,૪૧,૯૨૨ હેક્ટરમાં ખરીફ ઋતુનું વાવેતર થતુ હોય છે. આ વખતે અનિયમિત ચોમાસાને પગલે વાવેતર પણ મોડુ થવા પામ્યુ છે.

જિલ્લામાં વરસાદ પછીના નિકળેલા વરાપમાં ખેડૂતોએ દિવેલા, મગ, મઠ, અડદ, બાજરી અને ડાંગર તેમજ શાકભાજી અને ઘાસચારાના પાકના વાવેતર પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

જિલ્લામાં સૌથી વધુ વાવેતર હેક્ટરમાં જોઈએ તો દહેગામ અને ટકાવારીમાં માણસાએ કર્યુ છે. દહેગામમાં ૩૧૦૬૪ હેક્ટરમાં વાવેતર થયુ છે. ગાંધીનગરમાં ૨૨,૪૬૧ હેક્ટરમાં, માણસામાં ૨૧,૧૭૦ હેક્ટરમાં અને કલોલમાં ૧૪,૩૦૮ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે. ટકાવારીમાં માણસામાં ૭૪.૮૫ ટકા, દહેગામમાં ૭૧.૪૬ ટકા, ગાંધીનગરમાં ૫૩.૦૧ ટકા અને કલોલમાં ૩૮.૬૦ ટકા વાવેતર નોંધાયુ છે.

જિલ્લામાં ડાંગરના પાકનું ૬૮૩૭ હેક્ટરમાં તેમજ ચોમાસુ બાજરીનું આ વખતે વિક્રમ વાવેતર થયુ છે જે ૨૮૮૨ હેક્ટર છે. ગત ત્રણ વર્ષે બાજરીનું વાવેતર ૨૧૧૨ હેક્ટર થતુ હતુ આમ બાજરીના વાવેતર વિસ્તારમાં વધારો જોવા મળ્યો છે. તુવેરનું ૧૩ હેક્ટરમાં, મગનું વાવેતર ૧૦૮૬ હેક્ટરમાં, મઠનું વાવેતર ૧૬ હેક્ટરમાં, અડદનું વાવેતર ૧૩૬ હેક્ટરમાં, દિવેલાનું વાવેતર

● અનુસંધાન પાન-૭ પર

# એવોર્ડ વિજેતા પંચાયતોમાં વિઝીટીંગ સેન્ટર બનાવવા આપેલ ગ્રાન્ટ ત્રણ વર્ષ વણ વપરાયેલી રહી !!

ગાંધીનગર, તા. ૧૧

વિકસીત ગ્રામ પંચાયતોમાં વિઝીટીંગ સેન્ટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારે આપેલ ગ્રાન્ટનો ત્રણ વર્ષથી કોઈ વપરાશ ન થતાં સરકારે સખ્ત નારાજગી વ્યક્ત કરી જણાવ્યુ છે કે ગ્રાન્ટ પરત કરવી પડે તે પરિસ્થિતિ વહીવટી રીતે યોગ્ય જણાતી નથી.

રાજ્યના પંચાયત વિભાગે વડોદરા, સુરત અને ગાંધીનગર જિલ્લામાં વિઝીટીંગ સેન્ટર બનાવવા માટે ૧૫ લાખની ફાળવણી કરી હતી. આ ગ્રાન્ટ ૨૦૧૬-૧૭માં આપી હતી.

આ પછી ૨૦૧૭માં બે વખત સ્મૃતિપત્રો આ જિલ્લાઓને ફાળવ્યા હતા તો ૨૦૧૮માં ત્રણ વખત આ સ્મૃતિપત્રો પાઠવ્યા હતા પરંતુ જિલ્લાઓ દ્વારા આ દિશામાં કોઈ જ પ્રકારની કામગીરી ના થતાં છેલ્લે તાજેતરમાં જિલ્લાઓના અધિકારીઓ સામે આ નારાજગી વ્યક્ત કરી છે. કેન્દ્ર સરકાર દ્વારા એવોર્ડ વિજેતા ગ્રામ પંચાયતોને

● અનુસંધાન પાન-૭ પર

# નર્મદા ડેમના ૮ દરવાજા ખોલાયા

## ૧.૨૩ લાખ ક્યુસેક પાણી છોડાતા ૨૩ ગામો એલર્ટ : ઉપરવાસમાંથી ૧૮૯૨૪૪ ક્યુસેક પાણીની આવક થઈ ગળતેશ્વર ૮, નાંદોદના ૧૩, તિલકવાડાના ૨ ગામ એલર્ટ

ગાંધીનગર, તા.૧૧

સરદાર સરોવર નર્મદા ડેમની સપાટી હાલ ૧૩૧.૬૫ મીટર ઉપર પહોંચી છે. જેને પગલે ફરી એકવાર નર્મદા ડેમના દરવાજા ખોલવાની ફરજ પડી હતી. પાણીની ભરપૂર આવક થતાં નર્મદા ડેમના આઠ દરવાજા ખોલવામાં આવ્યા હતા. જેને પગલે નર્મદાનું પાણી રાજયની વિવિધ કેનાલો અને સુજલામ સુફલામ કેનાલોમાં પણ વહેતુ જોવા મળ્યું હતું. પરિણામે, ખેડૂતઆલમમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ હતી. નર્મદા ડેમના ઉપરવાસમાંથી ૧,૮૯,૨૪૪ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે ડેમમાથી ૧.૨૩ લાખ ક્યુસેક પાણી ડેમમાંથી છોડવામાં આવી રહ્યું છે. જેથી નર્મદા કાંઠાના ૨૩ ગામને એલર્ટ કરાયા છે. ગઈકાલે રાત્રે ૯ વાગે નર્મદા ડેમના ૪ ગેટ ખુલ્લા કરીને ૬૮,૦૨૮ ક્યૂસેક પાણી નર્મદામાં છોડાયું હતું. જો કે, ઉપરવાસમાંથી પાણીની આવક વધતા આજે સવારે ડેમના આઠ દરવાજા ખોલી દેવામાં આવ્યા હતા અને નર્મદા ડેમમાંથી ૧.૨૩ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. ઉપરવાસમાં હજુ પણ ભારે વરસાદ ચાલુ છે, જેથી પાણીની આવકમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે.નર્મદા ડેમના દરવાજા લાગ્યા બાદ સેફ્ટી માટે ૧૩૧ મીટરથી ઉપર નહીં ભરવા એનસીએની સૂચના છે. જેને પગલે નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે.

નર્મદા જિલ્લા કલેકટર આઈ.કે.પટેલ દ્વારા કાંઠાના ૨૩ જેટલા ગામને એલર્ટ કરવામાં આવ્યા છે. એટલું જ નહી, સાવચેતીના ભાગરૂપે ટીમો પણ ગોઠવી દેવામાં આવી છે.



બીજીબાજુ, હજુ પણ સૌરાષ્ટ્ર સહિતના રાજયના અન્ય વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી હવામાન ખાતા દ્વારા કરાઈ હોઈ તેમજ ઉપરવાસમાં પણ સતત સારો એવો વરસાદ અને આવક હોઈ નર્મદા ડેમમાં હજુ પણ પાણીની આવક ચાલુ રહી શકે છે.




www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેકટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com